પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૭૨ | ૨૩ મે, ૨૦૧૭, મંગળવાર ; વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નર્મદાના નીરથી કચ્છ નંદનવન બનશે

## કચ્છને વિકાસ, ટ્યુરિઝમનું કેન્દ્ર બનાવાયું છે : મોદી-રૂપાણીની ઉપસ્થિતિમાં ભચાઉમાં પમ્પીંગ સ્ટેશનનો શુભારંભ કરાયો : ૧૮૨ ગામોને સિંચાઈનો લાભ મળશે



ભચાઉ તા.૨૨,

ભૂતકાળમાં વારંવાર દુષ્કાળનો ભોગ બની ચૂકેલા કચ્છની વેદના પીડાને વડિલો યાદ કરે છે ત્યારે ધરતીમાતામાં પડતી તીરાડ સાથે તેમના હૈયામાં પણ તીરાડો પડતી. કચ્છમાં દશ વર્ષમાં પાંચ વર્ષ દુષ્કાળ બે વર્ષ નબળા અને ત્રણ વર્ષ સારા વરસાદ સાથે ખેડુતો ધરતીપુત્રોએ ખુબ મુશ્કેલી વેઠી છે.

કચ્છના ધરતી પુત્રોની આ મુશ્કેલીના નિવારણ માટે રાજય સરકારના અવિરત પ્રયાસોથી આજે વાગડના ટપ્પર ડેમમાં સૌની યોજના થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં નર્મદા નીર પહોંચાડયા હતા.

કેવડીયાથી નહેર દ્વારા ૬૦૦ કિ.મી. જેટલી લાંબી મજલ કાપી નર્મદાના નીર વાગડમાં પહોંચતા નિયમિત રીતે દુષ્કાળનો ભોગ બનતી કચ્છની ધરતી પરથી દુષ્કાળને દેશવટો મળશે. નર્મદા નીર થકી દુષ્કાળ ભુતકાળ બની જશે.

પુર્વ ધારાસભ્ય શ્રી જેન્તીભાઈ ભાનુશાળી આથી જ કહે છે નર્મદા નીરની તાકાત અને કચ્છમાં માતા નર્મદાના અવતરણથી ૧૦ વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

# આઈપીએલ ફાઈનલમાં મુંબઈની એક રને રોચક જીત

## છેલ્લી ઓવરમાં મિચેલ જોન્સને જાદુ જગાવ્યો : મુંબઈ ઈન્ડિયન્સે ત્રીજી વખત આઈપીએલ ટ્રોફી જીતી લીધી જોન્સનના આંતરરાષ્ટ્રીય અનુભવ આધારે જીત



હૈદરાબાદ,તા. ૨૨

હૈદરાબાદ ખાતે રમાયેલી ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૦ની હાઈ પ્રોફાઈલ રોમાંચક અને દિલધડક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે છેલ્લી ઓવરમાં જીત મેળવી ટ્રોફી જીતી લીધી હતી. છેલ્લા છ બોલ પર મિચેલ જોન્સને જોરદાર દેખાવ કર્યો હતો. જોન્સને આ ઓવરમાં બે વિકેટ લીધી હતી. પ્રથમ બેટીંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૨૯ રન કર્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી હાર્દિક પંડ્યાએ સૌથી વધુ ૪૭ રન કર્યા હતા. ટોપ ઓર્ડરના બેટ્સમેનોનો ફલોપ શો રહ્યો હતો. એક વખતે લાગી રહ્યું હતું કે આ મેચ એકતરફી બની રહેશે પરંતુ મુંબઈ ઈન્ડિયન્સના બોલરોએ પણ શાનદાર બોલીંગ કરી હતી. રાઈઝીંગ પુણે તરફથી એક વખતે ૧૧.૫ ઓવરમાં બે વિકેટે ૭૧ રન હતા પરંતુ ત્યારબાદ આ ટીમ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૨૮ જ રન બનાવી શકી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# કંડલા વિશ્વ વ્યાપારમાં નિર્ણાયક બનશે : મોદી

## મોદીના હસ્તે કંડલા પોર્ટમાં ૯૯૬ કરોડના પ્રોજેક્ટનો શુભારંભ : કંડલાને ઈરાનમાં ચાભર બંદરની કનેક્ટીવીટી પુરી પડાશે : કંડલા પોર્ટ ટ્રસ્ટનું નામાભિધાન દિન દયાળ પોર્ટ કંડલા રાખવા માટે સૂચન

અમદાવાદ, તા.૨૨

ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની યાત્રાએ આવી પહોંચ્યા હતા. મોદીએ પહોંચતાની સાથે જ જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. એકબાજુ મોદીના હસ્તે કંડલાપોર્ટમાં રૂપિયા ૯૯૬ કરોડના વિકાસલક્ષી પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોદીએ દાવા સાથે કહ્યું હતું કે કંડલા લઘુ ભારત તરીકે છે. કંડલાને ઈરાનના ચાભર બંદરની કનેક્ટીવીટી આપવામાં આવશે. સ્વતંત્રતાના ૭૫ વર્ષ નિમિત્તે ૨૦૨૨માં દેશને નવી ઉંચાઈ પર લઈ જવા દેશના દરેક નાગરિકને સંકલ્પબદ્ધ થવા મોદીએ આહવાન કર્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં કચ્છના લોકોની ભારે પ્રશંસા કરી હતી. મોદી ગુજરાતની બે દિવસની યાત્રાએ પહોંચ્યા બાદ ભુજના વિમાની મથકે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌથી પહેલા ભુજમાં આંબેડકર કન્વેનશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. રેલવે બ્રિજનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ જનતાને સંબોધન કચ્છી ભાષામાં કર્યું હતું. કચ્છની ભારે પ્રશંસા પણ તેમણે કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કચ્છમાં પધારી દેશના પ્રથમકક્ષાના કંડલા બંદરના ૯૯૬ કરોડના વિકાસલક્ષી પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાને કંડલાને મીની ભારતનું બિરૂદ આપીને કહ્યું કે, કંડલા વિશ્વ વેપારમાં ભારત માટે નિર્ણાયક ભૂમિકા અદા કરશે. પ્રધાનમંત્રીએ કંડલાની આંતર માળખાકીય ક્ષમતાની આપતા

● અનુસંધાન પાન-૭ પર

# કોલસા કૌભાંડમાં સચિવ ગુપ્તાને બે વર્ષની સજા

## ત્રણેય અપરાધીઓ પર એક એક લાખ રૂપિયાનો દંડ : દોષિત જાહેર ખાનગી ક્ષેત્રની કંપની કમલ સ્પોન્જ ઉપર ૧ કરોડનો દંડ : આહલુવાલિયાને ૩ વર્ષની જેલની સજા

નવી દિલ્હી,તા. ૨૨

ચકચારી કોલસા બ્લોક ફાળવણી કૌભાંડના એક મામલામાં



દિલ્હીની ખાસ અદાલતે આજે પૂર્વ કોલસા સચિવ એચસી ગુપ્તાને બે વર્ષની સજા ફટકારી હતી. આ મામામાં ખાસ સીબીઆઈ જજ ભરત પરાસરે બે અન્ય સરકારી અધિકારીઓ કેએસ ક્રોફા અને કેસી સામરીયાને બે બે વર્ષની સજા ફટકારી હતી. કોર્ટે ત્રણેય અપરાધીઓ પર એક એક લાખનો દંડ પણ લગાવ્યો હતો. જ્યારે કોર્ટે આ મામલામાં દોષિત ખાનગી ક્ષેત્રની કંપની કમલ સ્પોન્જ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ પર એક કરોડ રૂપિયાનો દંડ લાદ્યો હતો. જ્યારે કંપનીના અધિકારી પવન કુમાર આહલુવાલિયાને ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. આહલુવાલિયા ઉપર ૩૦ લાખ રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો હતો. સજા ફટકારવામાં આવ્યા બાદ ત્રણેય અપરાધીઓને જામીન આપી દેવામાં આવ્યા હતા જેથી તેઓ હાઈકોર્ટમાં અપીલ કરી શકશે. પૂર્વ કોલસા સચિવ અને અન્ય બે વરિષ્ઠ અધિકારીઓને આ પહેલા કોર્ટે મધ્યપ્રદેશમાં થેસગોરા-બી રૂદ્રપુરી કોલસા બ્લોકની ફાળવણીમાં અનિયમિતતા માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. અત્રે નોંધનિય છે કે ૧૯મી મેના દિવસે સનસનાટીપૂર્ણ કોલસા કૌભાંડના મામલામાં પાટનગરની ખાસ અદાલતે પૂર્વ કોલસા સચિવ એચસી ગુપ્તાને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ખાસ સીબીઆઈ જજ ભારત પરાસરે કોલસા મંત્રાલયના તત્કાલિન જોઈન્ટ સેક્રેટરી કેએસ ક્રોફા, તત્કાલીન ડિરેકટર કેસી સામરીયા અને અન્યોને દોષિત ઠેરવ્યા હતા. આ તમામ લોકોને મધ્યપ્રદેશમાં થેસગોડા-બી રુદ્રપુરી કોલસા બ્લોકની ફાળવણી કેએસ એસપીએલને કરવામાં આચરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુઝ ટ્રેક

### મૂડીબજારમાં ૫૦ લાખ કરોડનો વધારો

છેલ્લા ત્રણ વર્ષમાં દેશના શેરબજારોમાં મૂડીમાં ૫૦ લાખ કરોડનો વધારો જોવા મળ્યો છે અને આ દરમ્યાન શેરબજાર ૫૫ લાખ કરોડથી વધીને ૧૨૫ લાખ કરોડ સુધી પહોંચ્યું છે.

### કેજરીવાલ પર બીજો ૧૦ કરોડનો માનહાની કેસ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે નાણામંત્રી અરૂણ



જેટલીએ ૧૦ કરોડનો માનહાની કેસ દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કર્યો છે. અગાઉના માનહાની કેસની સુનાવણીમાં કેજરીવાલના વકીલ જેટમલાણીની કેટલીક વિવાદાસ્પદ ટીપ્પણીથી જેટલી નારાજ થતાં કેજરીવાલ પર ૧૦ કરોડનો બીજો માનહાનીનો કેસ દાખલ કરાયો છે.

### આરએસએસ ગાયના દૂધની ઈફતાર પાર્ટી કરશે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે મુસ્લિમ સમુદાયને રાજી કરવા પવિત્ર રમઝાન માસમાં ઈફતાર પાર્ટીના આયોજનનો નિર્ણય લીધો છે. મુસ્લિમ મંચે આ પાર્ટીમાં ગાયનું દૂધ અને તેનાથી બનતી વાનગીઓ પીરસવાનો નિર્ણય લીધો છે.

### ચીને અમેરિકાના વીસ જાસુસોને કેદ કર્યા

ન્યુયોર્ક ટાઈમ્સના એક અહેવાલમાં જણાવાયું છે કે છેલ્લા પાંચ વર્ષમાં અમેરિકાના ૧૮ થી ૨૦ જાસુસોને ચીને મારી નાંખ્યા છે કે કાં તો કેદ કર્યા છે.

### જીએસટીથી બે ટકા મોંઘવારી ઘટશે

કેન્દ્રના રેવન્યુ સેક્રેટરી



હસમુખ અઢીયાએ દાવો કર્યો છે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) અમલી બનતા મોંઘવારીમાં બે ટકાનો ઘટાડો થશે અને અર્થવ્યવસ્થા ગતિ પકડશે.

### નચ બલીયેના મંચ પર બાબારામદેવ



જાણીતા રીયાલીટી શૉ નચબલીયેના મંચ પર યોગગુરૂ બાબા રામદેવે યોગ કર્યા હતા. બાબા રામદેવની હાજરીથી પ્રેક્ષકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# શત્રુઘન-સુશીલ મોદીની વચ્ચે શાબ્દિક વોર જારી

નવી દિલ્હી,તા. ૨૨

બિહારના પટણા સાહેબમાંથી ભાજપના સાંસદ અને વારંવાર અસંતોષ કરીને ચર્ચામાં રહેનાર શત્રુઘન સિંહાએ આજે ફરી એકવાર ભ્રષ્ટાચારા આરોપોમાં ઘેરાયેલા લાલુ પ્રસાદ યાદવ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો બચાવ કર્યો હતો. શત્રુઘન સિંહાએ ટ્વીટર ઉપર કહ્યું છે કે નેતાઓ ઉપર આક્ષેપ કરનારને આના કોઈ પુરાવા આપવા જોઈએ. બીજી બાજુ શત્રુઘન સિંહાએ આ આક્રમક વલણથી બિહારના ભાજપના વરિષ્ઠ નેતા સુશીલ કુમાર મોદીએ નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું છે કે શત્રુઘન સામે મોરચો ખોલીડ દેવાની જરૂર છે.

**શિક્ષકો જોઈએ છે**

B.Sc. B.Ed., B.A. B.Ed. (English, Hindi) P.T.C. તથા કોમ્પ્યુટર શિક્ષક પ્રાથમિક વિભાગ માટે, રૂબરૂ અથવા પોસ્ટથી દિન-૭માં અરજી કરવી.

બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય
પ્રાથમિક વિભાગ
સેક્ટર-૨૮, ગાંધીનગર

**એક્સપેરિમેન્ટલ બી.એડ, એમ.એડ. કોલેજ**
**સી. કે. પટેલ એમ.એસ. ડબલ્યુ કોલેજ, પ્રાંતિજ**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન NCTE, NAAC તથા ગુજરાત સરકાર માન્ય. એમ.એડ.માં પ્રવેશ માટે બી.એડ. અથવા પી.ટી.સી. સાથે કોઈપણ ગ્રેજ્યુએટ ડીગ્રી. એમ.એસ. ડબલ્યુ અને બી.એડ.માં પ્રવેશ માટે B.A., B.Sc., B.Com., B.C.A., B.R.S., B.E., પાસ કે ચાલુ વર્ષે પરીક્ષા આપનાર પ્રવેશને પાત્ર છે. S.C., અને S.T. વિદ્યાર્થીઓ ફીની રકમ સ્કોલરશીપમાંથી ભરી શકે છે. સને ૨૦૧૭-૧૮ માટે ઓનલાઈન પ્રવેશનું ફોર્મ ભરવાનું ચાલુ છે.

તાત્કાલિક કોલેજનો સંપર્ક કરો
- સંજયભાઈ -
મો. ૯૪૨૬૦ ૩૬૬૮૩, ૭૯૯૦૪૮૮૩૨૧

